# સમગ્ર હ્યુસ્ટન શહેર મોદીના રંગમાં રંગાયુ

**હાઉડી મોદી કાર્યક્રમ : મોદીનો સુપર પાવર બધા દેશોએ જોયો : ભારતીયો ગર્વથી ઝુમ્યા : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમજ મોદીની કેમેસ્ટ્રીથી તમામ લોકો પ્રભાવિત : રંગારંગ કાર્યક્રમમાં વિવિધ કલાઓના દર્શન : બંને દેશોના સંબંધ વધુ મજબૂત**





હ્યુસ્ટન, તા.૨૨

અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં હાઉડી મોદી કાર્યક્રમમાં મોદીએ સુપરપાવર આજે બતાવ્યો હતો. જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હાઈ પ્રોફાઈલ અને હોઈવોલ્ટેજ હાઉડી મોદી કાર્યક્રમ શરૂ થતાં સમગ્ર હ્યુસ્ટન શહેર મોદીમય બન્યું હતું. મોદીની સાથે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભારતીય સમુદાયના લોકોથી એનઆરજી સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ ગયું હતું. રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. દુનિયાના સૌથી મોટા કાર્યક્રમ તરીકે આને જોવામાં આવે છે. એનઆરજી સ્ટેડિયમમાં ભારતીય સમુદાયના લોકો અને ટીવી ઉપર નિહાળી રહેલા કરોડો લોકો આ કાર્યક્રમને લઈને ગર્વથી ઝુમી ઉઠ્યા હતા. વહેલી પરોઢ સુધી આ કાર્યક્રમ ચાલનાર છે. કાર્યક્રમમાં મોદી ઘણો સમય ગાળનાર છે. ભારતીય સમુદાયના કલાકારોએ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા. મોદી કાર્યક્રમની શરૂઆત થાય તે પહેલા જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની વાત કરી હતી. ઈવેન્ટ માટે ખાસરીતે ડોનાલ્ડ ટ્રમ્પ હ્યુસ્ટન પહોંચ્યા હતા. તેમના ભાષણ ઉપર પણ તમામ લોકોની નજર કેન્દ્રિત રહી છે. કાર્યક્રમની શરૂઆત થયા બાદથી જ કેન્દ્રીયમંત્રીઓએ પણ પોતાના ટ્વિટર એકાઉન્ટમાં પ્રોફાઈલ બદલ્યા હતા અને પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા યુગની શરૂઆત થઈ રહી છે. અમેરિકાના ૫૦થી વધુ સાંસદો પણ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ધારિત સમય કરતા થોડાક મોડેથી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ટ્રમ્પ મેરિલેન્ડથી મોડેથી રવાના થયા બાદ સ્થળ ઉપર પહોંચ્યા હતા. હાઉડી કાર્યક્રમને લઈને કેન્દ્રીયમંત્રીઓ પણ ભારતમાં ઉત્સાહિત દેખાયા હતા. પોતાના પ્રોફાઈલ ફોટા બદલ્યા હતા. કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીએ પણ પ્રોફાઈલ ફોટા બદલ્યા હતા. આ કાર્યક્રમને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. પ્રતિનિધિમંડળની સાથે ટ્રમ્પ મોડેથી પહોંચ્યા હતા. તે પહેલા અત્રે નોંધનીય છે કે, કાર્યક્રમ પહેલા કાશ્મીરી પંડિત સમુદાયના એક પ્રતિનિધિ મંડળે હ્યુસ્ટનમાં વડાપ્રધાન મોદીને મળીને વિવિધ મુદ્દા ઉપર રજૂઆત કરી હતી. કાશ્મીરી પંડિતોએ જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને દૂર કરવાના ઐતિહાસિક નિર્ણય લેવા બદલ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. સાથે સાથે મોદીએ પણ ખાતરી આપી હતી કે, કાશ્મીરી પંડિતોના હિતમાં જે કંઈપણ પગલા લેવાની જરૂર હશે તે લેવામાં આવશે.

મોદીએ કાશ્મીરી પંડિતોને કહ્યું હતું કે, કાશ્મીરી પંડિતોના લોકો ખુબ પીડા ઉઠાવી ચુક્યા છે. હવે સાથે મળીને નવા કાશ્મીરની રચના કરવા માટે અમે આગળ વધી રહ્યા છે. ૧૯૮૯-૯૦ના દશકમાં આતંકવાદી ગતિવિધિ ચરમસીમા પર હતી ત્યારે પ્રાચીન ઘરઆંગણેની જમીનથી મજબૂરીમાં નિકળીને કાશ્મીરી પંડિતોના સમુદાયના મોટી સંખ્યામાં લોકો હિઝરત કરી ગયા હતા. પંડિતોને ભારે પીડા ઉઠાવવી પડી હતી પરંતુ હવે વિશ્વ બદલાઈ રહ્યું છે. તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની એનર્જી સીટી ગણાતા હ્યુસ્ટનમાં આજે ઓઈલ ક્ષેત્રની અનેક કંપનીઓના સીઈઓ સાથે બેઠક યોજી હતી.

## અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ : ચક્રવાતી તોફાન આવશે

**દરિયો તોફાની બનશે જેથી માછીમારોને એલર્ટ કરી દેવાયા : ત્રણ કલાકમાં ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આગળ વધ્યું : સાબરકાંઠા, છોટા ઉદેપુર સહિતના પંથકમાં ભારે વરસાદ : પાલનપુરમાં ત્રણ ઇંચ વરસાદ**

અમદાવાદ, તા.૨૨

ગુજરાતના જુદા જુદા ભાગોમાં અને ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. પૂર્વ-મધ્ય અને ઉત્તર પૂર્વ અરબ સાગર પર બનેલા દબાણના ક્ષેત્રના લીધે હવે ચક્રવાતી તોફાનનું સંકટ દેખાઈ રહ્યું છે. દબાણનું આ ક્ષેત્ર ગુજરાતમાં વેરાવળથી પશ્ચિમદક્ષિણ પશ્ચિમ દરિયાથી ૧૭૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. વિભાગના કહેવા મુજબ એક ઘેરા દબાણના ક્ષેત્રમાં તે સર્જાય તેમ લાગે છે જેથી ૨૪ કલાક પછી ચક્રવાતી તોફોનમાં ફેરવાઈ શકે છે. ગુજરાતના સૌરાષ્ટ્ર કચ્છમાં તોફાનથી અનેક સ્થળો પર ભારે વરસાદ થઈ શકે છે. બીજી બાજુ વેરાવળથી ૧૭૦ કિલોમીટરના અંતરે અરબી દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ ગઈ છે અને ભારે પવન સાથે આ સ્થિતિમાં ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ડિપ્રેશનના પરિણામ સ્વરુપે દરિયો તોફાની બનશે. માછીમારોને દરિયામાં ન જવા માટે સૂચના આપવામાં આવી છે. જો કે, તંત્ર દ્વારા સાવચેતીના વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આજે રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો હતો જેમાં દાહોદ, સાબરકાંઠા, મહેસાણા, પોરબંદર, અરવલ્લીનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, ભારેથી અતિભારે વરસાદ સૌરાષ્ટ્રના વિવિધ ભાગો, ખાસ કરીને જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ અને કચ્છમાં પડી શકે છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી અપાયા બાદ માછીમારોને પણ સાવધાન કરાયા છે. દરિયાકાંઠા ઉપર જુદા જુદા સિગ્નલો પણ મુકી દેવાયા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, પૂર્વ મધ્ય અને અરેબિયન દરિયાના ઉત્તરપૂર્વમાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ છે અને તે છેલ્લા ત્રણ કલાકમાં ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પશ્ચિમ ઉત્તરની દિશામાં આગળ વધી રહ્યું છે. વેરાવળમાં પણ આની અસર જોવા મળી શકે છે. આગામી ૧૨ કલાકમાં ડિપડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે અને ૨૪ કલાકમાં સાયક્લોનિક સ્ટ્રોમમાં ફેરવાઈ શકે છે. આગામી ૭૨ કલાકમાં તે ઓમાનના દરિયાકાંઠા તરફ આગળ વધશે.

## નહેરુએ યુદ્ધવિરામ ન કર્યું હોત તો પોકનું અસ્તિત્વ જ ન હોત : શાહ

**ચૂંટણી રણશિંગુ ફુંકાયા બાદ અમિત શાહ મુંબઈમાં ચૂંટણી મોડમાં : મહારાષ્ટ્રમાં ફરીવખત ફડનવિસના નેતૃત્વમાં મજબૂત સરકાર બનશે : અમિત શાહ**

મુંબઈ, તા. ૨૨

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ ગૃહમંત્રી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી મોડમાં આવી ગયા છે. ચૂંટણીની જાહેરાતના એક દિવસ બાદ જ મુંબઈ પહોંચેલા અમિત શાહે આજે કલમ ૩૭૦ પર કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા.

પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુથી લઈને રાહુલ ગાંધી સુધીના નેતાઓ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. અમિત શાહે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈને પહેલા પંડિત જવાહરલાલ નહેરુને દોષિત ઠેરવતા કહ્યું હતું કે, જો નહેરુએ ૧૯૪૭માં યુદ્ધવિરામની જાહેરાત કરી ન હોત તો આજે પોક ભારતના હિસ્સા તરીકે રહ્યું હોત.



અમિત શાહે રાહુલ ગાંધીને જવાબ આપતા કહ્યું હતું કે, કલમ ૩૭૦ ભાજપ માટે કોઈ રાજકીય મુદ્દો નથી. ત્રણ પેઢીઓએ આના માટે બલિદાન આપ્યું છે.

મહારાષ્ટ્રમાં ફરી એકવાર ભાજપની સરકાર બનનાર છે અને દેવેન્દ્ર ફડનવીસ જ મુખ્યમંત્રી તરીકે અકબંધ રહેશે. અમિત શાહે મુંબઈમાં કલમ ૩૭૦ પર કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

અમિત શાહે મોદીને કલમ ૩૭૦ અને ૩૫એને દૂર કરવાને લઈને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી અને ભારતીય જન સંઘ દ્વારા હંમેશા આ કલમોને લઈને લડાઈ લડવામાં આવી રહી હતી. કારણ કે, આ કલમો ભારતને એક કરવા આડે અડચણો ઉભી કરી રહ્યા હતા. આ ગાળા દરમિયાન તેઓએ ૧૯૪૭માં કાશ્મીરની રાજાશાહી વ્યવસ્થાને ભારતમાં મર્જ નહીં થવાને લઈને પણ પંડિત નહેરુને જવાબદાર ઠેરવ્યા હતા.

### સ્વાગતમાં અપાયેલુ ફુલ પડતા મોદીએ ઉઠાવ્યું

હ્યુસ્ટન, તા. ૨૨

અમેરિકાના પ્રવાસે પહોંચેલા મોદીનું હ્યુસ્ટન વિમાની મથકે જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે એરપોર્ટ પર મોદીની સાદગી અને સહજતાનો નજારો પણ જોવા મળ્યો હતો. સ્વાગતમાં આપવામાં આવેલા એક બુકેમાંથી ફુલ પડી જતાં મોદીએ પોતે ઉઠાવતા નજરે પડ્યા હતા. મોદીએ પોતે ઝુકી જઈનો ફુલ ઉઠાવીનો સૈન્ય અધિકારીથી હાથ મિલાવ્યા હતા. ફુલ એક અમેરિકી અધિકારીને આપીને પોતાની કુશળતા આ ક્ષેત્રે પણ દર્શાવી હતી. ભારતમાં અમેરિકાના રાજદૂત કેનેથ જસ્ટર અને અમેરિકામાં ભારતીય રાજદૂત હર્ષવર્ધન પણ એ પ્રસંગે ઉપસ્થિત હતા. મોદી અમેરિકા પહોંચ્યા બાદ વિવિધ કાર્યક્રમોમાં વ્યસ્ત દેખાયા હતા. વિવિધ કાર્યક્રમોમાં કાશ્મીરી પંડિતો સાથેની તેમની બેઠકનો પણ સમાવેશ થાય છે. શીખ સમુદાયના લોકો પણ મળ્યા હતા.

## રાધનપુર અને બાયડ બેઠકની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

**૨૧મી ઓક્ટોબરના દિવસે પેટાચૂંટણી યોજાશે**

અમદાવાદ,તા. ૨૨

રાધનપુર અને બાયડ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી પણ તા.૨૧મી ઓકટોબરના રોજ જ યોજાશે. જે ત્રણ બેઠકોની જાહેરાત બાકી હતી તે પૈકી કેન્દ્રીય ચૂંટણી પંચે આજે વધુ બે વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીની તારીખ જાહેર કરી હતી. હવે માત્ર મોરવાહડફ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની તારીખ જાહેર કરવાની બાકી રહી છે. આજરોજ જાહેર કરાયેલી રાધનપુર અને બાયડ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું પરિણામ પણ તા.૨૪મી ઓકટોબરના રોજ જાહેર કરવામાં આવશે. ગઈકાલે ચાર વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીની તારીખો જાહેર કર્યા બાદ આજે કેન્દ્રીય ચૂંટણી પંચે વધુ બે વિધાનસભા બેઠકો બાયડ અને રાધનપુરની ચૂંટણીની તારીખોની સત્તાવાર જાહેરાત કરી હતી, જે મુજબ, આ બંને વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી પણ અગાઉની અમરાઈવાડી, ખેરાલુ, થરાદ, લુણાવાડા એમ ચાર વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીની તારીખના દિવસે જ એટલે કે, તા.૨૧મી ઓકટોબરે જ પેટાચૂંટણી યોજાશે. હવે માત્ર મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની તારીખ જ જાહેર થવાની બાકી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ચાર ધારાસભ્યોનો વિજય થતાં અમરાઈવાડી, થરાદ, ખેરાલુ અને લુણાવાડા બેઠક ખાલી થઈ છે.

## હ્યુસ્ટનમાં એનર્જી કંપનીઓ સાથે ભારતના ૫૦ લાખ ટન એલએનજીના કરાર

**ઉર્જા ક્ષેત્રના સીઈઓ સાથે મોદીની મિટિંગ : અમેરિકાના ઐતિહાસિક પ્રવાસમાં મોદી ચારેબાજુ છવાયા : સમજૂતિમાં પીએલએલ અમેરિકા પાસેથી વાર્ષિક ૫૦ લાખ ટન લિક્વિફાઇડ નેચરલ ગેસની આયાત કરવા ઇચ્છુક : માર્ચ ૨૦૨૦ સુધી સમજૂતિ અમલી**

હ્યુસ્ટન, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની એનર્જી સીટી ગણાતા હ્યુસ્ટનમાં આજે ઓઈલ ક્ષેત્રની અનેક



કંપનીઓના સીઈઓ સાથે બેઠક યોજી હતી. એનર્જી સેક્ટરમાં ટોપ સીઈઓ સાથે બેઠકમાં જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. ઉર્જાના ક્ષેત્રમાં ભારત અને અમેરિકા વચ્ચે સહકારને વિસ્તરણ આપવાના ઉદ્દેશ્યથી આ બેઠક યોજાઈ હતી. બેઠક બાદ ભારતીય કંપની પેટ્રોનેટ અને અમેરિકાની કંપની ટેલ્યુરિયન વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતિ થઈ હતી. મોદી એક સપ્તાહના અમેરિકાના ઐતિહાસિક પ્રવાસ ઉપર છે જેમાં તેઓ જુદા જુદા મહત્વના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. ટેલ્યુરિયન અને પેટ્રોનેટ એલએનજી લિમિટેડ વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જે હેઠળ પીએલએલ અમેરિકાથી વાર્ષિક ૫૦ લાખ ટન લિક્વીફાઈડ નેચરલ ગેસની આયાત કરનાર છે. આ સમજૂતિથી ભારતને ઓછી કિંમત પર સ્વચ્છ ઈંધણનો પુરવઠો મળશે. આ સમજૂતિને માર્ચ ૨૦૨૦ સુધી અમલી કરી લેવામાં આવશે. વર્ષ ૨૦૧૬માં લોંચ કરવામાં આવેલી એલએનજી ઉદ્યોગની મુખ્ય કંપની સેરિફશૌકી, ટેલ્યુરિયન એલએનજીએ એપ્રિલમાં કંપનીના સૂચિત ડ્રીફટવુડ એલએનજી નિકાસ ટર્મિનસને બનાવવા માટે પરવાનગી મેળવી હતી. દર વર્ષે ૨.૭૬ કરોડ મેટ્રિક ટન એલએનજી સુધીનું ઉત્પાદન કરવા માટે ડ્રીફટવુડ એલએનજીની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. તેલની આયાત અમેરિકાથી ઉલ્લેખનીય રીતે વધી રહી છે. ભારત અને અમેરિકાએ ઉર્જા ક્ષેત્રમાં સહકારને વધારવા માટે ગયા વર્ષે અમેરિકા-ઈન્ડિયા સ્ટ્રેટેજીક એનર્જી પાર્ટનરશીપ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. અમેરિકાએ ૨૦૧૭માં ભારતને ક્રૂડ ઓઈલ વેચવાની શરૂઆત કરી હતી. અમેરિકાએ પુરવઠો નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ચાર ગણો વધીને ૬૪ લાખ ટન સુધી પહોંચી ચુક્યો છે. અમેરિકાના પુરવઠાની પહેલા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં માત્ર ૧૪ લાખ ટનનો પુરવઠો પહોંચી રહ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

### વિભાજન કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાંચ પેટા વિભાગીય કચેરીઓ અડાલજ, કુડાસણ, મોટેરા, ચાંદખેડા અને ઓંગણજ રહેશે. જ્યારે ગાંધીનગર ગ્રામ્ય કચેરીમાં ગાંધીનગર, ચિલોડા-૧, ચિલોડા-૨, દેહગામ શહેર, દહેગામ ગ્રામ્ય અને રખિયાલની કચેરીઓ કામ કરશે. ઉત્તર ગુજરાત વીજ કંપની એ દેશની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપનીમાં સ્થાન પામી છે અને ગ્રાહકોને સુવિધાસભર સેવાઓ માટેની આગવી ઓળખ ઉભી કરી છે. વિભાગીય કચેરીનો વિધિવત ગાંધીનગર ખાતે પ્રારંભ થઈ ચુક્યો છે. આ વિભાજન થતાં ગ્રાહકોને સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

### ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

-કારણ બહુ નાનું છતાં સ્પષ્ટ છે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા પરિવારોને પણ જે જરૂરીયાત છે એ ગામડામાં ઉપલબ્ધ થતી ન હોવાથી તેમનું વલણ શહેરી વિસ્તારમાં છે. પીવાનું સ્વચ્છ પાણી ન મળે એ વાત આપણે ગામના સંદર્ભમાં વિચારતા નથી પણ આરોગ્ય અને શિક્ષણના પ્રશ્નોને કારણે ગ્રામ્ય કુટુંબોનું શહેરી સ્થળાંતર થાય છે એમ ઉપર છલ્લું વિચારીએ છીએ. ગામડાના સામાજિક વિકાસ અંગે આ પણ વિચારવું પડે તો જ સમતોલ વિકાસ થઈ શકે અને સ્થળાંતર અટકાવી શકાય.

### નોટીસ ફટકારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ રાજ્ય સરકાર પાસે મનપા દ્વારા માર્ગદર્શન માંગવામાં આવ્યુ હતુ પરંતુ સરકારે નરોવા કુંજરોવાની નીતિ અખત્યાર કરી લીધી છે.

બીજી તરફ ગઈકાલે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પણ આ મુદ્દો જે રીતે છવાયેલો રહેવા પામ્યો તેના પછી તંત્ર હરકતમાં આવ્યુ છે અને ૧૩થી વધુ હોસ્ટેલોને નોટીસો થમાવી દીધી છે. જોકે હજુ સીલીંગને લઈ લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.